# રંગ હોળીનાં ગીતોના

### હોળી આવી

હોળી આવી હોળી આવી, હોળી આવી હોળી આવી,
ફાગણ માસે હોળી આવી, ફાગણ માસે હોળી આવી.
હોળી આવી હોળી આવી, હોળી આવી હોળી આવી,
રંગભરી પીચકારી આવી, રંગભરી પીચકારી આવી.
કેસૂડાના રંગે રંગે, કેસૂડાના રંગે રંગે,
ભાઈબંધોના સંગે સંગે, ભાઈબંધોના સંગે સંગે.
રંગે ચંગે આજ ઉમંગે, રંગે ચંગે આજ ઉમંગે,
આવો હોળી રમીએ, આવો હોળી રમીએ.

●

### હોળી આવી રે

વગડે મહોર્યા કેસુડા ના રંગ , કે હોળી આવી રે
છાઈ મસ્તી મનને અંગ, કે હોળી આવી રે
આવી વસંતની વણઝાર, ઉછળે રંગોના ઉપહાર
આજ આવી કા'નાની યાદ, આવો હેતે રમીએ રાસ
કે હોળી આવી રે
ટહુકે કોયલ આંબા ડાળ, વૃક્ષો ઝૂમે મંજરી સાથ
પુષ્પોએ ધરિયા રુપ રંગ, નવોઢાના ઉરે છલકે ઉમંગ
કે હોળી આવી રે
ખેતરે મલકે મોંઘા મોલ, ફાગણે વાગે ફાગિયા ઢોલ
મનમાં ઝૂમે ખુશીનાં ગીત, આજે ઝૂમે મનના મીત
કે હોળી આવી રે
મલકે યૌવન ઊભા બઝાર, ખાશું આજ ધાણી ને ખજૂર
અબીલ ગુલાલ છાયો રે આકાશ, પાપનો થાજો રે ભાઈ નાશ
કે હોળી આવી રે
હલકે હલકે ફોરે રે ફોરમ, કે હોળી આવી રે
છાઈ મસ્તી મનને અંગ, કે હોળી આવી રે
કે હોળી આવી રે

- રમેશભાઈ પટેલ (આકાશદીપ)

●

### આજ આવી છે રંગીલી હોળી

હૈયાને રંગમાં ઝબોળી
આવી છે રંગીલી હોળી
છે કુદરત ખુશહાલ, સંગ નાચ મસ્તીનો વ્હાલ
શોભે તિલક આ ભાલ, લાવો હાથમાં ગુલાલ
ઉમંગે ખેલે ભેરૂઓની ટોળી
આજ આવી છે રંગીલી હોળી
ફાગણના રંગ ફાગ, મધુ કોયલના રાગ
છોડી વેરની આગ, ખેલો લઈને ગુલાલ
રંગભરી રમે નવોઢા ભોળી
આજ આવી છે રંગીલી હોળી
ઢોલ વાગ્યા હોળીના, લઈ કેસરિયા વ્હાલ
વ્રજમાં નાચે રે કાન, ભેટો લઈને ગુલાલ
લાવો ધાણી ખજૂરની ઝોળી
આજ આવી છે રંગીલી હોળી

- રમેશભાઈ પટેલ (આકાશદીપ)

●

### મનાવો પછી રોજ હોળી મજેથી

કરીને ભલે કાષ્ટ ભેળા બધેથી,
જલાવો તમે આજ હોળી મજેથી,
ઉડાડો ગુલાલો અને રંગ બીજા,
અને માનજો બાળી નાખી બુરાઈ.
ભલે છેતરાઓ તમારી જ જાતે,
નથી નાશ પામી બુરાઈ જરાએ,
હજીતો વધારે વધે છે બુરાઈ,
હજી આજ લોકો રહ્યા છે લુંટાઈ.
હજી ટેક્ષ ચોરો મજાથી ફરે છે,
અને ભ્રષ્ટ નેતા હજીયે હસે છે;
ગરીબો તણા ભાગના ખાઈ નાણા,
હજી પ્રહલાદના બાપ છૂટા ફરે છે.
કરો નાશ આ દાનવોનો પહેલા,
પછી છો ઉડાડો થઈ રંગ-ઘેલા;
રંગો મુખ કાળા ધુતારા જનોના,
મનાવો પછી રોજ હોળી મજેથી.

-પી. કે. દાવડા

●

### રંગ રાગ

આજ
ધૂળની જેમ
ઊડી રહી રંગની છોળો!
એકલવાયા
મારા મનને
શીદ આવી ઢંઢોળો?
રંગ ઘોળ્યો દિલડું ડહોળી,
ભરી પિચકારી એમાં બોળી.
પણ-
રમવી કોની સંગમાં હોળી?
આજ તો
મારેય છે રંગા'વું
પિચકારીયે છે છંટા'વું
સંગે રમી
રંગે રમી
દિલડું મારેય છે બહેલાવું!
ઉરના કો' એકાંતે
આવી 'એ' લઈ પિચકારી
રંગી દીધો!
ભીજવી દીધો!
મને એના કસુંબલ રંગથી!!
ત્યારથી
એ રંગરાગમાં
એની સંગમાં
આજ લગી રંગાયેલ છું!!

- ચીમન પટેલ 'ચમન'

●

### ફાગણ

ફાટ ફાટ ફાગણનાં ફુટ્યાં છે ફૂલ
આ ફાગણ ફોર્યો અંગે અંગમાં
કેસુડા રંગે રંગાઈ જઈએ હવે
વાસંતી વાયરાનાં સંગમાં.
મોકળા મને તમે આવો તો આમ
મન મૂકી રમીએ ગલાલ
મોકો મળે તો વળી પૂછી લઈએ
પેલો અનુત્તર રહેલો સવાલ
આભલામાં આલેખી ટહૂકાનું ગાન
કંઈક અદકેરું છલકે ઉમંગમાં
ડાળીએથી કુંપળનું ફુટેલું રૂપ
જાણે નવોઢાએ સજ્યા શણગાર
કુણેરા પાન પાન નજરાતું નામ
એમાં ઘુંટી આંખલડી મોઝાર
આપીને પામવાનો એ જ આનંદ ખરો
ભલે હારી જવાતું આ જંગમાં.

- વિજયસિંહ ચાવડા

ગાંધીનગર શહેરની સેવાસંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા

# વનવાસી વિસ્તારનાં બાળકો સાથે હોળીનો આનંદ



ગાંધીનગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા વનવાસી વિસ્તારનાં બાળકો સાથે હોળીની મજા માણવામાં આવી હતી. સીલાદ્રી, જાયલા-૧, અંધારીયા, વજાપુર તથા સદરડનાં બાળકોને સંસ્થા દ્વારા પિચકારીનું વિતરણ કરી એમની સાથે સંસ્થાના સભ્યો હોળી પણ રમ્યા હતા.



દરેક બાળકને ગજકના નાસ્તા અને પૅન્સિલ, બૉલપૅનનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગજકનું સૌજન્ય રાધે સ્વીટ્સ તરફથી પ્રાપ્ત થયું હતું. સંસ્થા તરફથી મિલિન્દભાઈ, શશીકાંતભાઈ, ભીમજીભાઈ અને પ્રાથમિક શાળાના શિક્ષકો આ આનંદની ઉજવણીમાં સામેલ થયા હતા.

# મણિબેન એમ પી શાહ કૉલેજમાં વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૦

એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી સંચાલિત મણિબેન એમ. પી. શાહ મહિલા આર્ટસ કોલેજ, કડીમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન સાંસ્કૃતિક, રમત- ગમત, N.C.C. અને N.S.S. જેવી શિક્ષણેતર પ્રવૃતિઓમાં ભાગ લેનાર તથા ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થિનીઓ માટેનો ઈનામવિતરણ કાર્યક્રમ તથા BA Sem- VI તથા MA Sem- IVના વિદાય લઈ રહેલ વિદ્યાર્થિનીઓનો વિદાય સમારંભનો કાર્યક્રમ તાજેતરમાં યોજવામાં આવ્યો હતો.



કાર્યક્રમનો આરંભ પ્રાર્થનાથી કરવામાં આવ્યો. કોલેજનાં આચાર્યા ડૉ. હિનાબેન પટેલે મંચસ્થ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના સભાધ્યક્ષ તરીકે ડૉ. રજનીકાંત બી. શાહ (ઉપપ્રમુખ, એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી ) મુખ્ય મહેમાન એમદુભાઈ મીરસાબદીવાન મિયા, ડૉ. કપિલભાઈ ત્રિવેદી (પ્રમુખ, રોટરી ક્લબ, કડી), અતિથીવિશેષ રમેશભાઈ ત્રિવેદી (સાહિત્યકાર), નલીનભાઈ એમ. શાહ (મંત્રી, એમ.પી. શાહ એજ્યુકેશન સોસાયટી, કડી) તથા મંડળના હોદેદારોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. વિવિધ પ્રવૃતિઓમાં ભાગ લઈ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર વિદ્યાર્થિનીઓને ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિદાય લઈ રહેલી વિદ્યાર્થિનીઓને ડિપાર્ટમેન્ટ દ્વારા સ્મૃતિભેટ આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન તથા સંચાલન કાર્યક્રમનાં સંયોજક પ્રૉ. ડૉ. સંગીતાબેન આચાર્યે કર્યું હતું. સાંસ્કૃતિક કમિટીનાં સંયોજક પ્રા.વર્ષાબેન સી.બ્રહ્મભટ્ટ, કમિટીનાં સભ્ય પ્રૉ. ડૉ. વંદનાબેન ઠક્કર તથા કોલેજ પરિવારના સહકારથી તેમજ પ્રિન્સિપાલ ડૉ. હિનાબેન પટેલના માર્ગદર્શનથી કાર્યક્રમ સંપન્ન થયો હતો.

# ગુજરાત યુનિ. સંલગ્ન કોમર્સ કોલેજોમાં ચાલુ વર્ષે પણ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કોમર્સ કોલેજોમાં પ્રવેશ માટે ગતવર્ષની જેમ ચાલુ વર્ષે પણ ઓનલાઈન પ્રવેશ કરવાનું નક્કી કરાયું છે. પહેલો રાઉન્ડ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કર્યા બાદ બાકીની બેઠકો ભરવાની સત્તા કોલેજોને આપી દેવામાં આવશે. આમ, આ વખતે પણ પ્રવેશ પ્રક્રિયા ઓનલાઈન થશે તેવું નક્કી કરાયું છે. અગાઉ આ પ્રવેશ પ્રક્રિયા કોલેજોને સોંપી દેવાનું નક્કી કરાયું હતું પરંતુ હવે દર વર્ષની જેમ જ કાર્યવાહી શરૂ રાખવામાં આવશે.

ધો.૧૨ કોમર્સ, સાયન્સની પરીક્ષા પૂર્ણ થઈ રહી છે ત્યારે બીજી બાજુ યુનિવર્સિટીએ પ્રથમ વર્ષ કોલેજમાં પ્રવેશ માટેની કાર્યવાહી શરૂ કરી દીધી છે. અગાઉ યુનિવર્સિટી સત્તાધીશોએ પ્રવેશની કાર્યવાહી કોલેજોને સોંપી દેવાનું નક્કી કરાયું હતું. એટલે કે, કોલેજો પોતાની રીતે મેરિટ નક્કી કરીને વિદ્યાર્થીઓને પ્રવેશ આપે તેવી વિચારણા હતી. પરંતુ જો કોલેજોને કાર્યવાહી હાથ સોંપવામાં આવે તો અનેક પ્રકારની મુશ્કેલી ઊભી થાય તેવી શક્યતા ઊભી થઈ હતી. આ ઉપરાંત કોલેજોને પ્રવેશ પ્રક્રિયા સોંપવાના કારણે ડોનેશન પ્રથા સહિતના અનેક દૂષણો ઊભા થાય તેમ હોવાથી હવે ગતવર્ષની જેમ જ પ્રથમ રાઉન્ડ ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા કર્યા બાદ બાકી રહેલી બેઠકો ભરવાની સત્તા કોલેજોને સોંપી દેવામાં આવશે. હાલમાં પ્રવેશ સમિતિ દ્વારા આ અંગેની કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. યુનિવર્સિટીમાં અગાઉ નેકના ઈન્સ્પેક્શન દરમિયાન સભ્યો દ્વારા એવી ટકોર કરવામાં આવી હતી કે, વિદ્યાર્થીઓના ફીડબેક લઈને તેનું એનાલિસિસ કરવામાં આવતું નથી.

આ પ્રકારની ક્ષતિ નિવારવા માટે છેલ્લા બે વર્ષથી યુનિવર્સિટીના જુદા જુદા ડિપાર્ટમેન્ટમાં ચોથા સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના ફીડબેક લેવાનું નક્કી કરાયું છે. ગતવર્ષે ઓનલાઈન ફીડબેક લેવામાં આવ્યા હતા. ચાલુ વર્ષે હાર્ડકોપીમાં પણ વિદ્યાર્થીઓ પાસે ખાસ પ્રકારના ફોર્મ ભરાવવામાં આવી રહ્યા છે.

## ડાયરેક્ટ ❤ સે

કોઈ રંગે દેહને
કોઈ હૈયું, શ્વાસ
સાચું રંગે જીવને
એની અમને આશ

- મૌલિક પી. શુક્લ

## જન્મદિને વધામણી



**ભાવિન પટેલ**
સંચાલક, પનઘટ કલા કેન્દ્ર
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૭૯૦ ૫૭૫૫૬



**ડો. ભાગીરથી કેતન ભટ્ટ**
અધ્યાપક, રાષ્ટ્રભાષા કોલેજ,
એલિસબ્રિજ, અમદાવાદ
મો. ૯૪૨૬૫ ૭૨૦૪૧



**શોભનાબા એ. વાઘેલા**
ટ્રસ્ટી, શ્રી પ્રતાપસિંહજી
હિન્દી વિદ્યાલય, ગાંધીનગર
મો. ૯૪૨૮૨ ૧૭૫૪૮

# સી એન આર્ટ્સ - બી ડી કૉમર્સ કૉલેજ ખાતે અનુદાનિત અંગ્રેજી વિષયનો વર્કશૉપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૦

સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડીમાં અનુદાનિત અંગ્રેજી વિષયનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી કડી સંચાલિત સી. એન. આર્ટ્સ એન્ડ બી. ડી. કોમર્સ કોલેજ, કડી ખાતે તાજેતરમાં યુ.જી.સી. સ્પોન્સર્ડ Workshop on ICT in Education & Computer Assisted language Leanings-CALL વર્કશોપ યોજાઈ ગયો. આ પ્રસંગે યોજાયેલ ઉદ્ઘાટન બેઠકમાં શ્રી એમ. પી. શાહ એજ્યુકેશન સોસાયટી કડીના ઉપપ્રમુખ ડૉ. રજનીકાન્તભાઈ શાહે શોભાવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે શેઠ નલીનભાઈ શાહ અને અતિથિ વિશેષ પદે કારોબારી સભ્ય ડૉ. સી. એસ. પરમાર ઉપસ્થિત રહ્યા હતા.

વર્કશોપ રીસોર્સ પર્સન તરીકે ડૉ. દિલીપભાઈ બારડ (પ્રૉ. એન્ડ હેડ ડીપાર્ટમેન્ટ, ઓફ ઈંગ્લીશ, એમ.કે.બી.યુનિવર્સિટી, ભાવનગર) અને ડૉ. મહેશ જીવાની (પ્રૉ., ડીપાર્ટમેન્ટ ઓફ ઈલેક્ટ્રોનિક્સ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી) અને ડૉ. અતનુ ભટ્ટાચાર્ય (પ્રૉ.એન્ડ હેડ, સેન્ટર ઓફ ઈંગ્લીશ સ્ટડીઝ, સેન્ટરલ યુનિવર્સિટી ઓફ ગુજરાત, ગાંધીનગર) ઉપસ્થિત રહ્યા હતા.

વર્કશોપની શરુઆત પ્રાર્થનાથી થઈ હતી. ઉપસ્થિત મહેમાનો દ્વારા દીપપ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પ્રિન્સિપાલ ડૉ. જી. ડી. ત્રિપાઠીએ ઉપસ્થિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કરીને આવકાર્યા હતા. વર્કશોપના કન્વીનર અંગ્રેજીના પ્રૉ. ડૉ. ચિરાગ ધંધુકિયાએ વર્કશોપ કરવાના વિવિધ ઉદ્દ્શો વિશે વિગતે વાત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રૉ. રવિ રંગવાણીએ અને આભારદર્શન સનોબર શેખે કર્યું હતું. વર્કશોપને સફળ બનાવવા પ્રૉ. જીગ્નેશ પટેલ, પ્રૉ. રમેશ પ્રજાપતિ, ડૉ. રોનક પરમાર, પ્રૉ. મિલન કડીકર અને સ્ટાફે ભારે જહેમત ઉઠાવી હતી. ગુજરાતની જુદી જુદી કોલેજોમાંથી ૧૫૦થી વધારે અધ્યાપકો, રીસર્ચ સ્કોલર્સ તથા પોષ્ટ ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

# રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ૮મીથી વાર્ષિક પરીક્ષા : ૧૫મી સુધીમાં મુખ્ય વિષયો આટોપી લેવાશે

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યની પ્રાથમિક શાળાઓની વાર્ષિક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના એક સપ્તાહ પહેલાં ધોરણ-૩થી ૮ની પરીક્ષાઓ પૂર્ણ કરી દેવામાં આવશે.

રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા સત્તાવાર રીતે વાર્ષિક પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે, જે મુજબ પ્રાથમિક શાળાઓમાં ૮મી એપ્રિલથી પરીક્ષાઓ શરૂ થશે અને ૧૫મી એપ્રિલે પૂર્ણ પણ થઈ જશે. ત્યારબાદ ૨૬ એપ્રિલથી માત્ર ગૌણ વિષયોની પરીક્ષાઓ શરૂ થશે, જે પણ ૨૯ એપ્રિલે પૂર્ણ કરી દેવામાં આવશે.

પરીક્ષા દરમિયાન અન્ય શાળાના શિક્ષકોને નિરીક્ષક તરીકેની કામગીરી સોંપવામાં આવશે. ઉપરાંત ઉત્તરવહીનું મૂલ્યાંકન પણ અન્ય સ્કૂલના શિક્ષકોને સોંપવામાં આવશે. આમ, લોકસભાની ચૂંટણી ગુજરાતમાં યોજાય તે પહેલાં પરીક્ષા પૂર્ણ કરી દેવામાં આવશે, જેથી પરીક્ષા પૂર્ણ થયા બાદ શિક્ષકો ચૂંટણી કામગીરીમાં જોડાઈ શકે.

પરીક્ષા દરમિયાન જિલ્લા કક્ષાએ સ્થાનિક રજા આવતી હોય તો રજા રદ કરી નક્કી કરેલા કાર્યક્રમ મુજબ જ પરીક્ષા લેવાની સૂચના અપાઈ છે. ધો. ૩ અને ૪ના વિદ્યાર્થીઓએ ઉત્તરો પ્રશ્નપત્રમાં જ લખવાના રહેશે. ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓને અલગ ઉત્તરવહી આપવામાં આવશે. પરીક્ષા દરમિયાન શાળામાં દર પાંચ બ્લોક દીઠ અન્ય શાળાના એક શિક્ષકને નિરીક્ષક તરીકેની કામગીરી સોંપવામાં આવશે અને પરીક્ષાની ઉત્તરવહીઓનું મૂલ્યાંકન પણ બાહ્ય રીતે કરાવવામાં આવશે.

# ધોરણ-૧૦ સંસ્કૃત અને ધોરણ-૧૨ કમ્પ્યુટરના પેપરમાં ભૂલો હોવાની રાવ

ગાંધીનગર, તા. ૨૦

ધોરણ-૧૦માં સંસ્કૃત અને ધોરણ-૧૨માં કમ્પ્યુટરના વિષયમાં છબરડા હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

સંસ્કૃતમાં થયેલા છબરડાના પગલે વિદ્યાર્થીઓ દ્વારા ૩ માર્કના ગ્રેસિંગની માગણી કરવામાં આવી છે. ૧૫ એમસીક્યૂમાં ભાષાની ૨૮ ભૂલ સામે આવતાં વાલીઓ અને વિદ્યાર્થીઓમાં રોષ જોવા મળ્યો હતો. સંસ્કૃતની જેમ કમ્પ્યુટરના પેપરમાં પણ વાક્યરચના અને વિકલ્પોમાં ભૂલો હોવાનું બહાર આવ્યું હતું. ઉપરાંત પાંચ પ્રશ્નો ટ્વિસ્ટ કરીને પૂછવામાં આવ્યા હોવાથી હોશિયાર વિદ્યાર્થીઓ પણ ગૂંચવાયા હતા. સામાન્ય વિદ્યાર્થીઓને તો પરસેવો જ છૂટી ગયો હતો.

ધોરણ-૧૦ના સંસ્કૃતના પેપરમાં પાર્ટ-એમાં ૫૦ એમસીક્યૂ હતા, જે પૈકી ૧૫ એમસીક્યૂમાં ૨૮ જેટલી ભૂલો હોવાનું નિષ્ણાત શિક્ષકોએ જણાવ્યું હતું. પાર્ટ-બીમાં પ્રશ્ન નં. ૨૪ અને ૨૫માં અન્ડરલાઈનના આધારે વિદ્યાર્થીઓને જવાબ આપવાના હોય છે. પરંતુ આ બંને પ્રશ્નોમાં લાઈન જ પ્રિન્ટ થઈ ન હતી, જેથી વિદ્યાર્થીઓને જવાબ લખવામાં મુશ્કેલી પડી હતી. બોર્ડની ભૂલના કારણે વિદ્યાર્થીઓને ૨ માર્ક ગુમાવવા પડે તેવી સ્થિતિનું નિર્માણ થયું હોવાની રાવ વિદ્યાર્થી-વાલીઓએ ઉઠાવી છે.

પ્રશ્ન નં. ૨૧માં સૂચના લખાઈ હતી કે 'નીચેના બે પ્રશ્નમાંથી એક પ્રશ્નનો જવાબ લખો.' પહેલો પ્રશ્ન હતો 'શાંડિલ્યની બહાનાબાજી' અને બીજો પ્રશ્ન હતો 'દુર્ઘટનાના સાક્ષી બનેલા માણસના કોઈ પણ બે કર્તવ્યો.' આ બંને પ્રશ્નનો ૧-૧ માર્ક હતો પરંતુ સૂચનાના આધારે જો વિદ્યાર્થી ઉત્તર પાઠવે તો એ માર્ક કપાય તેમ છે.

ધોરણ-૧૨ના કમ્પ્યુટરના પેપરમાં પણ એક કરતાં વધારે ભૂલો સામે આવી હતી. વિષય નિષ્ણાત શિક્ષકોએ જણાવ્યું હતું કે પેપરમાં વાક્યરચનાની ભૂલો સાથે વિકલ્પોમાં પણ ભૂલો જોવા મળી હતી. વાક્યરચનાની ૬ ભૂલોના કારણે વિદ્યાર્થીઓ મૂંઝાયા હતા અને પાંચ પ્રશ્નો ટ્વિસ્ટ કરીને પૂછાયા હોવાથી ભલભલા વિદ્યાર્થીઓને પરસેવો છૂટી ગયો હતો. પેપર સેટ-એ મુજબ પ્રશ્ન-૧૧માં ડાયલોક બોક્સ લખાયેલું હતું, જે હકીકતે ડાયલોગ બોક્સ હોવું જોઈતું હતું. પ્રશ્ન-૧૬, ૪૪, ૫૫, ૭૦ અને ૮૨માં પણ આવી ભૂલો જોવામાં આવી હતી. શિક્ષકોના જણાવ્યા અનુસાર બોર્ડ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ કમ્પ્યુટરના પેપરમાં ભૂલો રાખવાની પરંપરા નિભાવવામાં આવી હતી.

# શ્રેષ્ઠ પ્રત્યાયનકાર

॥ બીજો મણકો ॥

આમ ગાંધીજી અને અખબારો એકબીજાને પૂરક અને સમન્વયકારી હતા. આ માટે ગોખલે કહેતા કે ''તેમનું છાપું સમાચાર પત્ર નથી પરંતુ એક વિચાર પત્ર છે.'' આમ ગાંમના ચાર અખબારોનો ઉપયોગ સમજાવટ, ચર્ચા અને ચર્ચા દ્વારા તેમના વિચારોને ફેલાવવા માટે કર્યો હતો. આમ ગાંધીજીમાં સત્ય, નિર્ભયતા, સરળતા, સાદગી, સદભાવ, સહિષ્ણુતા, નૈતિકતા, આધ્યાત્મિકતા, પ્રામાણિકતા, લોકમતનું પ્રતિબિંબ, લોકલાગણી વગેરે વગેરે જોઈ શકાય છે. આ માટે કાકાસાહેબ કાલેલકર તો ગાંધીજીને લોકસેવક, લોકપ્રતિનિધિ, લોકનાયક અને લોકગુરુની ચતુર્વિધ પદવી પ્રદાન કરી છે. ગાંધીજી પત્રકારત્વને ચાર પ્રકારમાં વહેંચી શકાય છેઃ જાહેર પત્રકારત્વ, પત્રકારત્વમાં નૈતિકતા, શાંતિનું પત્રકારત્વ અને વિકાસ પત્રકારત્વ.




ગાંધીનું જાહેર પત્રકારત્વઃ

ગાંધીજીએ તો પત્રકાર જગતમાં પ્રવેશ કરીને આદર્શ પત્રકારના એક યુગનું સર્જન અને સંમાર્જન કર્યું છે. ગાંધીજીના સમયમાં તેમના પ્રભાવ અંતર્ગત હેતુલક્ષી, પ્રેરક, બોધક, સેવાલક્ષી અને લોકધર્મી પત્રકારત્વનો ઉદય થયો. ગાંધીજીએ એક અનોખું અને આદર્શ પત્રકારત્વ રજૂ કર્યું છે. પત્રકારત્વનું સાચું કામ જનતાના માનસ પર જનતાને જોઈએ કે ન જોઈએ તોપણ પોતાના પર પડેલી છાપને હકીકતરૂપે ઓળખાવી તેમનો મારો ચલાવવાનું નથી, જનતાના માનસને સાચી કેળવણી આપવાનું છે.

ગાંધીજી અખબાર વિશે જણાવતાં કહે છે કે, ''છાપાનું કામ લોકોની લાગણી જાણવી અને તેને પ્રગટ કરવી., બીજું લોકોમાં અમુક લાગણીઓ જરૂરની હોય તે પેદા કરવી એ છે. અને છેલ્લે કામ લોકોમાં એબ હોય તો તે ગમે તેટલી મુસીબતો પડે તો પણ બેધડક થઈ બતાવવી.'' —( હિંદ સ્વરાજ પૃ.ર.) ગાંધીજી વધુમાં નોંધે છે કે, 'વર્તમાનપત્ર એ ભારે શક્તિ છે, પણ જેમ નિરંકુશ પાણીનો ધોધ ગામનાં ગામ ડુબાડે છે ને પાકનો નાશ કરે છે, તેમ નિરંકુશ કલમનો ધોધ નાશ કરે છે. એ અંકુશ બહારથી આવે તો તે નિરંકુશતા કરતાં વધારે ઝેરી નીવડે છે. અંદરનો અંકુશ જ લાભદાયી હોઈ શકે.' 'નવજીવન'ના પહેલાં જ અંકમાં ગાંધીજીએ જણાવ્યું નિર્ભયતા પૂર્વક હતું કે, 'પ્રેમને- સત્યને પ્રેસ એકટનો ભય શો? પ્રેસ એકટના ભય વિના જે વાત જેવી લાગશે તેવી જ 'નવજીવન'માં આવશે. એવી પ્રતિજ્ઞા છે.' ગાંધીજીએ લોકશિક્ષણનો હેતુ બર લાવવા માટે એમણે ''ઈન્ડિયન ઓપીનિયન''માં ટોલ્સટોય, લિંકન, મેઝિની, ઈલિઝાબેથ ફાય, ફલોરેન્સ, નાઈટિંગેલ, ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર વિગેરેનાં ચરિત્રો આપ્યાં હતાં. ''નવજીવન'' એમણે હાથમાં લીધું ત્યારે એમણે સૌ સાક્ષરોનો સહકાર માગ્યો હતો અને એના શરૂઆતના અંકોમાં આનંદશંકર ધ્રુવ, નરસિંહરાવ દિવેટિયા, નાનાલાલ કવિ વગેરેના લેખો પ્રગટ થતા હતાં. સોક્રેટીસનો 'અપોલજી'નો સારાનુવાદ 'એક સત્યવીરની કથા' નામે અને રસ્કિનના 'અનટુ ધિસ લાસ્ટ'નું દોહન 'સર્વોદય' નામે આપ્યું હતું. આમ 'યંગ ઈન્ડિયા' અને 'નવજીવન'માં એ રીતે અનેક લેખકોના વિવેચનો પ્રગટ કર્યા હતા.

આજે કેટલાક ઈલેક્ટ્રોનિક અને પ્રિન્ટ મીડિયા, જે ખાનગી ક્ષેત્રમાં પરિવર્તિત થઈ ગયા છે. આજના પત્રકારત્વમાં છીછરાપણું, પક્ષપાત, ચોકસાઈનો અભાવ સાથે અપ્રમાણિકતા પણ ઘૂસી ગયા છે. આને લીધે હંમેશા ન્યાય જ થવો જોઈએ એમ માનનારા લોકો પણ એકધારી રીતે ગેરમાર્ગે દોરવાતા હોય છે. વધુમાં આજના માધ્યમોમાં કૌટુંબિક વ્યવસાય અને પક્ષના પત્રિકાઓ બની ગયા છે. ગાંધીવાદી જાહેર પત્રકારત્વ આર્થિક સમાનતા સાથે

આભાર - નિહારીકા રવિયા સંબંધિત છે, જે અહિંસક સ્વતંત્રતા માટે મુખ્ય ચાવી છે. ગાંધી અવલોકન કરે છે કે આર્થિક સમાનતા માટે કામ એટલે કે મૂડી અને શ્રમ વચ્ચેના શાશ્વત સંઘર્ષને નાબૂદ કરવો. સ્વતંત્રતાના અમલમાં કોઈપણ સરકીરને માટે છાપાંઓ પર કાબૂ રાખવાનું લગભગ અશકય બને છે. તેથી છાપાં પર કડક દેખરેખ રાખવાની અને તેમને સીધા રાહ પર ચાલવાની ફરજ પાડવાની જનતાની ફરજ છે. સમજદાર જનતા ખોટી ઉશ્કેરણી ફેલાવનારાં અગર અશ્લીલ છાપાંને આશ્રય કે ઉત્તેજન આપવાનો ઈન્કાર કરે છે. (ક્રમશઃ)

**- મિતેષ મોદી સંશોધિત લેખ 'મહાત્મા ગાંધી એક શ્રેષ્ઠ પત્રકાર અને સમૂહ પ્રત્યાયનકાર'માંથી સાભાર**